PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : **forum.pgvcl@gebmail.com**; વેબસાઈટ : **www.pgvcl.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૨૨૬૩-૧ તારીખ : ૦૫ - ૦૭ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી પ્રવિણભાઈ હિરજીભાઈ ભુત
કોઠારીયા સોલ્વન્ટ રોડ શેડ નં.૦૬, નારાયણ વે-બ્રિજની બાજુમાં ,
મું. પો. : કોઠારીયા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૨
મોબાઈલ : ૯૯૧૩૦૮૨૩૮૭

વિષય : નામ ટ્રાન્સફર અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૨-૦૬-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૮/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી.. રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો. જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૮/ક્વા-૧/૨૩-૨૪/2263-1 તા. 05-07-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૮/ક્વા-૧/૨૩-૨૪ તા.૦૫-૦૬-૨૦૨૩

અરજદાર : શ્રી પ્રવિણભાઈ હિરજીભાઈ ભૂત, ગામ: કોઠારિયા

રજૂઆત કરનાર : અરજદારશ્રી પ્રવિણભાઈ હિરજીભાઈ ભૂત અને તેમની સાથે લીલાબેન પ્રવિણભાઈ ભૂત

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૩.

રજૂઆત કરનાર : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ વિભાગીય કચેરી – શહેર-૩ અને તેમની સાથે વી.એમ.વસંત, નાયબ અધિક્ષક, પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા (ઓનલાઈન)

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૭.૦૬.૨૦૨૩ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૭.૦૬.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ફોરમના ચેરપર્સન અમદાવાદ-રાજકોટ હાઇવે પર ભારે માત્રામાં ટ્રાફિક જામના કારણે સુનાવણીમાં રુબરૂ હાજર રહી શકેલ ન હોવાથી, લીંબડીથી ઓનલાઈન વરચ્યુઅલ હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી પ્રવીણભાઈ હિરજીભાઈ ભૂત, વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ શેડ નં. ૬ કોઠારીયા ગામે નિતેષભાઈ લક્ષ્મણભાઈ ખુંટ નામથી ગ્રાહક નં. ૩૪૫૧૩/૪૬૧૪૮/૯ થી ૦૮ કીવોનું NRGP વીજજોડાણ ધરાવે છે. સદર જગ્યા રજીસ્ટર્ડ દસ્તાવેજવાળી હોય નિતેષભાઈ લક્ષ્મણભાઈ ખુંટ નામથી તેઓના નામ પર નામ ટ્રાન્સફર માટે પીજીવીસીએલની સંલગ્ન કચેરી ખાતે અરજી કરેલ પરતું નામ ટ્રાન્સફરની કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદાર પીજીવીસીએલ વિભાગીય કચેરી શહેર-૦૩ હેઠળ આવતા વાવડી પેટાવિભાગીય કચેરીના ગ્રાહક નં.-૩૪૫૧૩/૪૬૧૪૮/૯ થી ૦૮ કીવોનુ થ્રી ફેઈઝ NRGP કનેક્શન ધરાવે છે, જેમાં નિતેશભાઈ લક્ષ્મણભાઈ ખુંટના નામ થી પ્રવીણભાઈ હિરજીભાઈ ભૂતના નામે નામ ટ્રાન્સફર અંગેની કાર્યવાહી ન થતા ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૩.૧ અરજદાર દ્વારા નામ તબદીલ કરવા બાબતે અરજી કરેલ જે સાથે જોડેલ એ-વન ફોર્મની નકલ, બીલની નકલ અને સીજીઆરએફમાં આપેલ અરજીને ધ્યાને લેતા સદર બાબતે પેટાવિભાગીય કચેરી દ્વારા રેકોર્ડ તપાસતા આવી કોઈ અરજી પેટાવિભાગીય કચેરીને મળેલ નથી ઉપરાંત ઈ-ઉર્જામાં સદર ગ્રાહકની હિસ્ટ્રી તપાસતા નવા વીજજોડાણ સિવાય કોઈ સર્વિસ રીક્વેસ્ટ નંબર બતાવતા નથી અને નામ તબદીલ માટે કોઈ સર્વિસ રીક્વેસ્ટ નંબર પણ ગ્રાહક નંબર માં જોવા મળેલ નથી.

૩.૨ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈને અરજદારની ફોરમમાં કરાયેલ રજૂઆતના અનુસંધાને પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર-૭૪૮૬ તા.૧૭.૦૬.૨૦૨૩ થી સદર બાબતે કોઈ અરજી પેટાવિભાગીય કચેરીમાં પેન્ડીંગ ન હોય અને જો અરજદાર દ્વારા સદર બાબતે રજીસ્ટ્રેશન ફી ભરેલ હોય તો તેની રસીદ પેટાવિભાગીય કચેરીમાં રજુ કરવા અથવા સદર બાબતે ઘટતા દસ્તાવેજી પુરાવા બાબતે જો કોઈ પત્ર મળેલ હોય તો તે રજુ કરવા બાબતે અરજદારશ્રી ને જાણ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી લીલાબેન પ્રવીણભાઈ ભૂત ગ્રાહક નં. ૩૪૫૧૩/૪૬૧૪૮/૯ થી ૦૮ કીવોનું NRGP વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં નિતેષભાઈ લક્ષ્મણભાઈ ખુંટ ના નામ પરથી તેઓના નામે નામ બદલી કરવા માટે વાવડી પેટાવિભાગીય કચેરીમાં અરજી કરેલ છે, પરંતુ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નામ ટ્રાન્સફરની કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ અન્વયે પીજીવીસીએલની લેખિત રજૂઆત તા.૨૩.૦૬.૨૦૩૨ મુજબ અરજદાર ગ્રાહક નં. ૩૪૫૧૩/૪૬૧૪૮/૯ થી નિતેષભાઈ લક્ષ્મણભાઈ ખુંટ ના નામે વીજજોડાણ ધરાવે છે, જેમાં નામ બદલી ન થવા અંગેની ફરિયાદ સાથે જોડેલ એ-વન ફોર્મ અને બીલની નકલનો અભ્યાસ કરતા સદર નામની અરજી વાવડી અર્બન પેટાવિભાગીય કચેરીમાં નોંધાયેલ નથી. જેથી, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની પત્ર નં-૭૪૮૬ તા.૧૭-૦૬-૨૦૨૩ થી લેખિતમાં જાણકારી આપેલ છે, તે મુજબ પીજીવીસીએલની કચેરીમાં નામ બદલીની અરજી અન્વયે રજીસ્ટ્રેશન ફી ભરેલ હોય તેની રસીદ રજુ કરવી અથવા ઘટતા દસ્તાવેજી પુરાવા બાબતે કોઈ પત્ર મળેલ હોયતો પીજીવીસીએલની કચેરીમાં રજુ કરવો.

૪.૩ સદર કેસની સુનાવણી દરમ્યાન ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબની બાબતોથી અરજદારને વાકેફ કરતા સદર નામ બદલીની અરજી પીજીવીસીએલની કચેરીમાં રજુ કરેલ હોય અથવા રૂબરૂ અરજી આપેલ હોય, તે અંગેની માહિતી ફોરમ સમક્ષ રજુ કરેલ નથી, જે બાબતોને ધ્યાનમાં રાખતા અરજદારને હયાત વીજજોડાણમાં નામ બદલી માટે એલ.ટી. વીજજોડાણ માટેના એ-૧ ફોર્મમાં જણાવેલ માલિકી / જગ્યાના

જરૂરી આધાર-પુરાવા જેવાકે રજીસ્ટર્ડ દસ્તાવેજ મંજુર થયેલ લે-આઉટ પ્લાનની નકલ અને અરજદારનું ઓળખપત્ર તેમજ છેલ્લું ભરેલ વીજબીલની નકલ અને પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ વગેરે સંલગ્ન કચેરીમાં રજુ કરવા જણાવેલ, જે રજુ થયેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન નામ બદલીની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(આર.સી.પટેલ)
સભ્ય (ટેકનીકલ)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot